**<u>બોટાદ ના મહે.બીજા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ ની કોર્ટમાં, મું.બોટાદ</u>**

**ફો.કે.નં.૫૫૧/૨૦૨૧**

**આંક– ૬ ની પ્લી લગત....**

:: હુકમ ::

આરોપીઓ ની આંક–( ૪ ) વાળી ગુન્હા કબુલાત પુરસીસથી ગુના કબુલાતની પ્લી અને કેસની હકીકત વંચાણે લેતા આરોપીઓ સામેના જુગારધારા એકટ ની કલમ ૧૨ મુજબનો ગુનો હું સાબીત થયેલો ગણું છું. આરોપીઓ સામેનો ગુનો અને કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે તે હકીકત માન્ય રાખી નીચે મુજબ હુકમ કરૂં છું.

**–:: અંતિમ હુકમ ::–**

- ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ અન્વયે આ કામના તમામ આરોપીઓને જુગારધારા એકટ ની કલમ ૧૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને જુગારધારા એકટ ની કલમ ૧૨ ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ બદલ દરેક આરોપીને રુ.૧૦૦/– લેખે કુલ રુપિયા ૪૦૦/– ( અંકે રુપીયા ચાર સો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દડંની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો આરોપીને દિવસ ૧ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
- આ કામમાં રજુ થયેલ મુદામાલ રોકડ રકમ આરોપીની માલીકીની ન હોય તેમજ રોકડ રકમ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ન હોય જે રોકડ રકમ અંગે આરોપીઓએ કોઈ કલેઈમ કરેલ ન હોય કે ભવિષ્યમાં કોઈ કલેઈમ કરવા માંગતા ન હોય જેથી હાલના કામે રજુ થયેલ રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.
- આ કામમાં રજુ થયેલ ગંજીપતાના પાનાનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ બોટાદ મુકામે સ્પેશ્યલ સિટીગ તારીખ ૧૧ માહે સ્પ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો

( જે. ડી.પટેલ)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બોટાદ

તા.૧૧/૦૯/૨૦૨૧
બોટાદ